ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૫ ટકા

# વર્ષનો અંતિમ પ્રશ્ન : હું તમારા માટે કોણ છું?

## સોશ્યલ મીડિયા પર હાલ ખૂબ ટ્રેન્ડ કરી રહેલ આ સવાલના રમૂજી જવાબોમાં દરેકને રસ પડી રહ્યો છે

ગાંધીનગર, તા.૨૮

ઈસવીસન ૨૦૧૭નું વર્ષ વિદાય લઈ રહ્યું છે અને વર્ષ ૨૦૧૮ના વધામણા કરવા સૌ કોઈ હરખાઈ રહ્યા છે. સોશ્યલ મીડિયા પર પણ નવ વર્ષને આવકારતા સંદેશા અત્યારથી ટ્રેન્ડ કરી રહ્યા છે. આ સાથે યુવા પેઢીમાં પોતાના મિત્રો, ફોલોઅર્સ કે ચેટ-ફ્રેન્ડસ તેમના વિશે શું વિચારે છે તે જાણવાનો પ્રાયસ કરતા સવાલ-જવાબ ટાઈપની પોસ્ટ ખૂબ લોકપ્રિય થઈ રહી છે.

આજકાલ દરેકના સ્માર્ટ ફોનમાં ફેસબુક, વ્હોટસએપ, હાઈક, ઈન્સ્ટ્રાગ્રામ, કે સ્નેપચેટ જેવા સોશ્યલ મિડીયા પર મિત્રો દ્વારા એક સવાલ પુછવામાં આવી રહ્યો છે કે 'વર્ષ-૨૦૧૭ વિદાય લઈ રહ્યું છે. આ વર્ષનો અંતિમ પ્રશ્ન આપના માટે હું કોણ છું? થોડી લાઈન્સ લખો મારા માટે, હું એને મારા સ્ટેટસમાં મુકીશ.' આ રીતે પુછાયેલા પ્રશ્નના મિત્રો તરફથી રસપ્રદ અને રમૂજી જવાબો પ્રાપ્ત થતા હોય છે જે આજકાલ ખૂબ લોકપ્રિય બનેલ 'સ્ટેટસ સ્ટોરી'માં અપલોડ કરવામાં આવે છે. સ્ટેટસ સ્ટોરી સોશ્યલ મિડીયાનું નવતર ફીચર છે જેમાં અપલોડ કરેલ ફોટો, ટેક્સ્ટ, વિડિયો કે ઓડિયો વગેરે ૨૪ કલાક સુધી રહે છે જેને તમામ મિત્રો જોઈ શકે છે અને તેના પર કોમેન્ટ આપી શકે છે. આ ફીચર હાલના સમયમાં યુવા વર્ગથી માંડીને વડીલો સુધ્ધામાં લોકપ્રિય થઈ રહ્યું છે. કેમ કે તેમાં કોણે કોણે સ્ટેટસ સ્ટોરી નિહાળી તે પણ જાણી શકાય છે.

વર્ષના અંતિમ પ્રશ્ન ઉપરાંત લિંક દ્વારા દસેક ઓબ્જેક્ટિવ ટાઈપના પ્રશ્નોના જવાબ કિલક કરી એક મિત્ર બીજાને કેટલો સારી રીતે જાણે છે તે સાચા પડેલા જવાબોના આધારે મળેલા ગુણથી ચકાસવામાં આવે છે. યુવા પેઢીને આ પ્રકારના ઉપક્રમમાં સારો એવો રસ પડી રહ્યો છે. જેના કારણે આ પ્રકારની લિંક પણ ખૂબ ટ્રેન્ડ કરી રહી છે. યુવા પેઢી નૂતન વર્ષની ઉજવણી આ રીતે સોશ્યલ મીડિયા પર કરી રહી છે.




## વાતવાતમાં

● મંત્રી મંડળમાં ખાતાની ફાળવણી મુદ્દે મુખ્યમંત્રીના બંગલે યોજાયેલ બેઠકમાં મડાગાંઠ પડતા સીએમ કોન્વોય પણ ભરાઈ પડયો હતો. સાંજના પાંચ વાગ્યાથી બંગલે હાજર થઈ ગયેલ કોન્વોયને મોડી સાંજ સુધી રાહ જોઈ ઉભા રહેવું પડયુંહતું.

## પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્ર ૩૧મીએ

ગાંધીનગર, તા.૨૮

પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્રનો શુભારંભ તારીખ ૩૧-૧૨-૨૦૧૭ને રવિવારના શુભદિને સવારે ૯.૦૦ કલાકે, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. સૌ પાટીદાર ભાઈ-બહેનોને આ કેન્દ્રની મુલાકાત લેવા સંસ્થા નિમંત્રણ પાઠવે છે. રજીસ્ટ્રેશન કેન્દ્ર સોમવારથી રવિવાર દરમિયાન સવારે ૧૦ થી ૧૨ કલાકે અને સોમવારથી શુક્રવાર દરમિયાન બપોરે ૩ થી ૭ કલાકે ખુલ્લુ રાખવામાં આવશે. તારીખ ૩૧-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ પ્રથમ દિવસે રજીસ્ટ્રેશન ફ્રી રાખવામાં આવેલ છે. જેની સૌએ નોંધ લેવા વિનંતી. રજીસ્ટ્રેશન માટે પાસપોર્ટ અને પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટો આપવાનો રહેશે. તથા લીવીંગ સર્ટી (એલ.સી.) અને લાયકાતના પ્રમાણપત્ર બતાવવાના રહેશે.

# પૂજન ફાઉન્ડેશન દ્વારા નાતાલ પર્વની અનોખી રીતે ઉજવણી

ગાંધીનગર શહેરના પૂજન ફાઉન્ડેશન અને પૂજન ડાન્સ એકેડમીના સંયુકત ઉપક્રમે નાતાલ પર્વની અનોખી રીતે ઉજવણી કરી હતી. જેમાં શહેરના શ્રમિક વિસ્તારોમાં જઈને નાના બાળકોને કપડા, ફુડ પેકેટ, ચોકલેટ, સ્વેટર, ઝેકેટ, ટોપી, મફલર સહિતની ચીજવસ્તુઓ પૂજન ડાન્સમાં આવતા નાના ભુલકાઓ દ્વારા આપવામાં આવી હતી.



આ પ્રસંગે પૂજન ડાન્સ કલાસના સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જરે જણાવ્યું હતું કે વર્ષ દરમિયાન વિવિધ સામાજીક અને સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. બાળકોમાં નાનાપણથી જ દરેક વસ્તુઓ એકબીજાને આપ-લે કરવાની ભાવના વિકસે તેવા ઉમદા હેતુંથી કાર્યક્રમ કરવામાં આવે છે. આ વર્ષે પૂજન ડાન્સમાં આવતા બાળકોના હસ્તે જ સાન્તા કલોઝના ડ્રેસ સાથે નાના બાળકોને કપડા, ગીફ્ટ, તેમજ ચોકલેટ આપીને નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જયારે આગામી નવિન વર્ષમાં નવા સંકલ્પ સાથે પૂજન ડાન્સ કલાસ સે-૨ ડી ખાતે દર શનિવારના રોજ ડાન્સમાં ઈચ્છા ધરાવતા શ્રમિક પરિવારના બાળકોને ફ્રીમાં તાલિમ આપવામાં આવશે.

# સત્યાગ્રહ છાવણી ખાતે ૫મી જાન્યુઆરીએ ખેડુતો ઉમટશે

ગાંધીનગર, તા.૨૮

આજની તારીખ સુધી દેશના કે ગુજરાતના ખેડુતના પ્રશ્નનો અંત આવ્યો નથી. પરંતુ દિવસે ને દિવસે સમસ્યાઓ વધતી જાય છે. મોંઘા બિયારણો, અતિવૃષ્ટ્રિ અને અનાવૃષ્ટ્રિના કારણે પાક ન થવાને કારણે, ખેડુતોને નુકસાનીનું પુરૂ વળતર આજદીન સુધી મળ્યુ નથી. ઉત્પાદનના પુરા ભાવ મળતા નથી. ત્યારે સરકાર દ્વારા કપાસના મણના રૂ.૧૬૦૦, મગફળીના-૧૨૦૦, જીરૂ-૩૫૦૦, એરંડા-૧૬૦૦, તમાકુ-૧૬૦૦, ઘઉં- રૂ. ૫૦૦ના વીસ કિલોના ભાવેથી ખરીદી કેન્દ્રો ગામે ગામ શરુ કરે અને અન્ય માંગણીઓ સરકાર સમક્ષ રજુ કરીશું. જેને પગલે આગામી તા. ૫ જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને આવેદન પત્ર આપવાનું હોવાથી સમગ્ર રાજયના ખેડુતોને ગાંધીનગર સત્યાગ્રહ છાવણી, એસ.ટી.ડેપો પાસે સવારના ૧૨ વાગે ઉપસ્થિત રહેવા ક્રાંતિ નાગરીક સંશોધન અને સંઘર્ષ કેન્દ્રના ભરતસિંહ ઝાલાએ અનુરોધ કર્યો છે.

# ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજનો ૭મીએ સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર દશનામ ગોસ્વામી સમાજનો સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ આગામી ૭ મી જાન્યુઆરીના રોજ સાંજે ૪ કલાકે પરંપરા પાર્ટી પ્લોટ રાંધેજા રોડ ખાતે યોજાશે. આ ઈનામ વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજના સભ્યોને જણાવાનું કે તેમના સંતાનોની માર્કશીટની ઝેરોક્ષ ( ડીગ્રી પૂર્ણ થયેલ હોય તે )તેમજ સમાજના યુવાનો જે તાજેતરમાં નોકરી મેળવી હોય, તેમજ કર્મચારીઓ બઢતી, પ્રમોશન નોકરીમાં મળ્યું હોય તેવા અધિકારીઓએ પોતાની વિગત તા. ૨ જાન્યુઆરી સુધીમાં સમાજના હોદેદારોને પહોંચતી કરવાનું સમાજના મંત્રી હિતેશભારથી ગોસ્વવામીએ જણાવ્યું છે.

# સે-૧૩ માં રહેતા આધેડે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૧૩ ખાતે મકાન નં. ૮૧/૬ ખાતે રહેતા ૪૮ વર્ષીય સુરેન્દ્રપાલસિંહ ધુમસિંહ જાટે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. સેકટર-૭ પોલિસને આજે સમી સાંજે જાણ થઈ હતી કે મકાનમાં સુરેન્દ્રપાલસિંહે ગળે ફાંસો ખાઈ લીધો છે અને મૃત હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા છે. આ જાણ પોલિસને થતા હોસ્પિટલ પહોંચી મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# ઉદયભાણસિંહજી કોલેજના વિદ્યાર્થીઓ ચિલોડાની મુલાકાતે

ચિલોડા, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા મોખરાનું સ્થાન ધરાવતા ચિલોડા ગામે ગાંધીનગર સ્થિત સે-૩૦ ખાતે આવેલ સંસ્થા ઉદયભાણસિંહજી રીજીયોનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો. ઓપરેટીવ મેનેજમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ટીમે અભ્યાસ અર્થે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ચિલોડા ગામના પ્રગતિશીલ ખેડૂતોનો સંપર્ક કરી કૃષિ પધ્ધતિ, કૃષિ પાકો, સિંચાઈની સુવિધા, માર્કેટીંગ, ખેતપેદાશો, ખેડૂતની કૌટુંબિક સર્વગ્રાહી માહિતી ગામ વસ્તી વિષયક, વિલેજ




ડેવલોપમેન્ટ પ્લાન, ગામની વિવિધ ધાર્મિક, શૈક્ષણિક, આરોગ્ય, બેકીંગ, સહકારી મંડળી, રસ્તા-લાઈટ, ગેસ કનેકશન, ખેડૂતની આવક, ધંધા-રોજગાર વગેરે ખેડૂતોનો સંપર્ક કરી પૂછપરછ દ્વારા સર્વગ્રાહી અભ્યાસ કરી માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન ગામના અગ્રણી શામળભાઈ પટેલ તથા રણછોડભાઈ પટેલ તથા નટુભાઈ પટેલ ગામની માહિતી આપવામાં સહયોગી બન્યા હતા. ત્યારબાદ અન્ય પ્રગતિશીલ ખેડૂતોને મળી ગ્રામ સર્વેક્ષણ દ્વારા માહિતી પ્રાપ્ત કરી હતી. આમ મુલાકાતી વિદ્યાર્થીઓએ ચિલોડા ગામના વિકાસની ગાથા અંગે સંતોષ વ્યકત કર્યો હતો.

# ઈસીએસની સુવિધા આપો અને સર્વર ડાઉનની સમસ્યા નિવારો

ગાંધીનગર વસાહત મહામંડળ દ્વારા ડાક અદાલતમાં ટપાલ સેવામાં ગ્રાહકોને પડતી હાડમારી અને તેના નિવારણ માટે હકારાત્મક અભિગમ સાથે રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોમાં પાસબુકમાં ડીપોઝીટના વ્યાજની એન્ટ્રીથી માંડીને આરટીજીએસ અથવા ઈસીએસ સેવા કાર્યરત કરવા તથા વિલંબથી મળતી ટપાલો અંગેની રજૂઆતોનો સમાવેશ થાય છે.

ટપાલ વિભાગ હવે પોસ્ટલ બેંક તરીકે કાર્યરત થવા જઈ રહ્યું છે ત્યારે બેંકની માફક નાણાં ખાતામાં સીધા જમા મળે તે માટે આરટીજીએસ-ઈસીએસ જેવી સુવિધાઓ કાર્યરત કરવા તથા ગ્રાહકોની પાસબુકમાં કંઈ ડિપોઝીટનું કેટલું વ્યાજ મળ્યું તે સરળતાથી ખબર પડે તે પ્રકારે એન્ટ્રી કરવા ડાક અદાલતમાં રજૂઆત કરાઈ હતી. આ સાથે ગાંધીનગરમાં વસતા બહોળા વાચક વર્ગ દ્વારા લવાજમ ભરીને મંગાવાતા મેગેઝીનોની સમયસર ડીલીવરી થાય તે માટે પણ રજૂઆત કરવામાં આવી હતી. ગ્રાહકોને પાકતી મુદતે થાપણની રકમ સેવિંગ્સ ખાતામાં જમા આપવા, ટપાલીઓની કદર કરતા કાર્યક્રમોનું આયોજન કરવા, વારંવાર સર્જાતી સર્વર ડાઉનની સમસ્યાનો ઉકેલ લાવવા જેવા મુદ્દે પણ ડાક અદાલતમાં ચર્ચા થઈ હતી. ડાક અદાલતમાં શહેર વસાહત મહામંડળ વતી અરૂણ બુચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ અને નિલેન્દુ વોરા સહિત અગ્રણીઓએ ભાગ લીધો હતો.

## બીસીએ કોલેજમાં આઈટી ફેર તથા એકસ ૨૦૧૮નું આયોજન

ગાંધીનગર, તા.૨૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ ખાતે તા. ૨થી તા. ૪થી જાન્યુઆરી દરમિયાન આઈ ટી ફેર તથા અકસ ૨૦૧૮ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી છુપી શકિતઓને જાગૃત કરી તેમની પ્રતિભાને નિખારવાનો છે.

બીસીએના વિદ્યાર્થીઓમાં આવનારા સમયની ટેકનોલોજીને સમજીને વિવિધ સ્પર્ધાઓ થકી તકનિકી ક્ષેત્રે, કલાકીય ક્ષેત્રે તથા સાહિત્ય ક્ષેત્રે તેમનામાં રહેલી આવડતો ખીલે અને તેનો યોગ્ય વિકાસ થાય તથા તે ક્ષેત્રે કારકિર્દી ઘડતરની તક મળે તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. ત્રિદિવસીય આઈટી ફેરમાં ફયુચર ટેકનોલોજીનું પ્રદર્શન યોજાશે તથા એકસ ૨૦૧૮મા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રચનાત્મક કૃતિઓ રજૂ કરાશે.

# ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ અને સેકટરના વસાહત મંડળોની સ્વચ્છતા અંગે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ અને સંલગ્ન સેકટરોના વસાહત મંડળોની સ્વચ્છતા અભિયાન અંગે મહાનગર પાલિકાના નાયબ કમિશનર જે.બી.બારૈયાના અધ્યક્ષ સ્થાને બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ૪૦ થી વધુ સેકટરોના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર મહાનગર પાલિકાના ડે.મ્યુ.કમિશનર જે.બી.બારૈયાના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારો તથા વિવિધ સેકટરના, સંસ્થા સાથે સંલગ્ન વસાહત મંડળોના સભ્યો સાથે શહેરના સ્વચ્છતા અભિયાન અંગે ચર્ચાઓ સુચનો માર્ગદર્શન અંગે બેઠક મળી હતી.ગાંધીનગરને સ્માર્ટ સીટીમાં અગ્ર સ્થાન મળે તેવા હેતુસર ગાંધીનગર શહેરના સેકટરોના વસાહતમાંથી ડોર-ટુ-ડોર વેસ્ટ કચરાનું કલેકશન કરવામાં આવે છે. આ કચરાને વસાહતીઓનો મહાનગર પાલિકામાંથી આપવામાં આવેલ અલગ અલગ કલરના ડબલામાં રાખવામાં આવે છે. દરેક વસાહતી ભાઈ બહેનો ભીનો અને સુકો કચરો અલગ રાખીને આપે તે અંગે તેઓને સમજાવીને ટેવ પાડવી તે બાબત પર ડે.મ્યુ.કમિશનર જે.બી.બારૈયાએ વિશેષ ભાર મુક્યો હતો. શહેરના નાગરીકોને સ્વચ્છતા અભિયાનમાં સાથ અને સહકાર આપીને શહેર સ્વચ્છ સીટીમાં અગ્ર સ્થાન મળે તેવા પ્રયત્નોમાં સહભાગી થવા અપીલ કરી હતી.ઉપરાંત ડોરટુડોર કલેકશન કચરાની પ્રોસીજન તથા આયોજનની જાણકારી આપવામાં આવી હતી. આ બેઠકમાં હાજર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ ગાંધીનગર શહેરની સ્વચ્છતા અને સુંદરતા વધારવા અને વ્યવસ્થા તંત્ર ગોઠવવા માટે જરુરી સુચનો અને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં કેશરીસિંહ બિહોલા, કે.પી.સોલંકી, રાજેન્દ્ર પારેખ, પોપટલાલ પ્રજાપતિ, સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

# ચોરીની રીક્ષા સાથે બે શખ્સો એલસીબીએ પકડયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોકકસ બાતમી આધારે સેકટર-૨૪થી આદીવાડા જતા રોડ પરથી બે શખ્સોને ચોરીની રીક્ષા સાથે પકડી પાડયા



હતા. એલસીબીએ બંનેની ધરપકડ કરી રીક્ષા રીકવર કરી વધુ પુછતાછ શરુ કરી છે.

સેકટર-૨૪થી આદીવાડા જતા રોડ પરથી જીજે ૧૮ એયુ ૨૯૭૭ નંબરની રીક્ષા સાથે એલસીબીની ટીમે મહેસાણા જિલ્લાના કડી વિસ્તારના મુજફર યુસુફ મનસુરી અને ઈરફાન અહેમદ ઘાંચી નામના બે શખ્સોને પકડી પાડયા છે. આ રીક્ષા તે બંને શખ્સોએ ચારેક દિવસ અગાઉ કડી શાકમાર્કેટ પાસેથી ચોરી કરી હોવાની કબુલાત કરી લેતા બંનેની ધરપકડ કરી રીક્ષા રીકવર કરી લીધી છે. આ બંને આરોપીઓ અગાઉ કલોલ ખાતે વાહનચોરી તેમજ કડી ખાતે મોબાઈલની લુંટ અને વાહનચોરીના ગુનાઓમાં પકડાઈ ચુકેલા હોવાનું પણ જાણવા મળ્યું છે.

## એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં સાહિત્ય પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિ શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કુલની ધો-૫ થી ૮ની ૧૧૦૦ જેટલી વિદ્યાર્થીની બહેનોને સાહિત્ય પર્વમાં પધારેલ મહેમાન નટવર હેડાઉ તથા ફિલીપ કલાર્કે બાળવાર્તાઓ, બહાદુરીની વાર્તાઓ, બાળગીતો, ઉખાણા, બાળગરબા વગેરે દ્વારા બાળસાહિત્ય વિશે ખુબ સારું માર્ગદર્શન આપ્યુંહતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના મદદનીશ શિક્ષિકા ગીતાબેન પટેલ તથા ચેતનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિવ્યાંગ બાળકોના ટેલેન્ટ શો થકી યુવાનો ઉજવશે સાચી "થર્ટી ફર્સ્ટ"

## સતત ત્રીજા વર્ષે ૩૧મી ડિસેમ્બરે શહેરના તમામ દિવ્યાંગ તથા સ્પેશીયલ બાળકો ઉપરાંત વૃધાશ્રમના વડીલોને સાંકળી લેતો અનોખો કાર્યક્રમ "ઉજવણી-૨૦૧૭" યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા સતત ત્રીજા વર્ષે પણ તા. ૩૧મી ડિસેમ્બરના રોજ "ઉજવણી-૨૦૧૭" કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સેક્ટર-૧૬ના રંગમંચ ખાતે બપોરે ૨.૦૦ કલાકથી યોજાશે. આ કાર્યક્રમમાં શહેરની વિવિધ ૧૨ જેટલી સંસ્થાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો અને સ્પેશીયલ ચિલ્ડ્રન હોમના બાળકોનો ટેલેન્ટ શો યોજાશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના વૃદ્ધાશ્રમના વડીલોને પણ નિહાળવા ખાસ ઉપસ્થિત રાખવામાં આવશે તેમજ તમામ દિવ્યાંગ બાળકો, સ્પેશીયલ ચિલ્ડ્રન, વડીલો અને શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરીયાતમંદ વર્ગના બાળકો મળીને ૧૫૦૦ વ્યક્તિઓને ભોજન કરાવી તેમના ચહેરાં પર ખુશીનું સ્મિત રેલાવવા કોશિષ કરવામાં આવનાર છે.

વર્ષ ૨૦૧૭ હવે ગણતરીના દિવસોમાં પૂર્ણ થશે અને વર્ષ ૨૦૧૮ના નુતન વર્ષનો પ્રારંભ થશે. નુતન વર્ષના આગમન પહેલા વીતી રહેલા વર્ષને હર્ષોલ્લાસથી વિદાય આપવા "થર્ટી ફર્સ્ટ"નો તહેવાર ઉજવાય છે, જો કે હવે આ તહેવારમાં યુવાનો માત્ર મોજ-મસ્તી કરવી, પાર્ટી કરવી, નશો કરવો અને નશામાં મદમસ્ત બનીને ઘોંઘાટમાં બેફામ નાચવું-કૂદવું જેવી હરકતોને "થર્ટી ફર્સ્ટ"ની ઉજવણી સમજે છે. આ સંજોગોમાં ગાંધીનગરમાં કેટલાક સેવાભાવી યુવાનો સાથે મળીને છેલ્લા ત્રણ વર્ષથી એવી ઉજવણી કરે છે જે આજની પેઢી માટે અનુકરણીય ઉદાહરણરૂપ છે. આ કાર્યક્રમ થકી દિવ્યાંગ બાળકોમાં રહેલી પ્રતિભાને મંચ પૂરું પાડવા સાથે શહેરના યુવા વર્ગમાં "થર્ટી ફર્સ્ટ"ની સાચી ઉજવણીનું રચનાત્મક ઉદાહરણ પ્રસ્તુત કરી યુવા ધનને યોગ્ય માર્ગે વળવાનો સંદેશ આપવામાં આવશે. આ કાર્યક્રમ હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન ધ્વારા આપણું ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, ગૂંજ ફાઉન્ડેશન, થીંક પોઝીટીવ, ઈટરેશન ટેકનોલોજી, આરંભ અકાદમી, શ્યોર પેથોલોજી લેબ, વિહાન ઓવરસીઝ અને વર્લ્ડ ઈનબોકસ એકેડેમીના સહયોગથી કરવામાં આવ્યું છે.

**કાર્યક્રમને દાન આપવા માટે સંપર્ક કરવોઃ**

- હેપ્પી ટુ હેલ્પ – મો.નં. ૮૩૪૭૮ ૮૭૯૮૮
- આપણું ફાઉન્ડેશન – મો.નં. ૯૦૩૩૫ ૯૦૯૧૬
- હેપ્પી યુથ ક્લબ – મો.નં. ૯૯૨૪૪ ૪૬૬૪૫
- પેટીએમ કરવા માટે- મો.નં. ૭૦૧૬૯૮૧૪૫૧

આ કાર્યક્રમમાં શહેરની આશરે ૧૨ સંસ્થાઓના દિવ્યાંગ બાળકો જેમાં મૂક-બધીર, પ્રજ્ઞાચક્ષુ, માનસિક વિશેષ, વિકલાંગ તથા અનાથ અને સ્પેશીયલ ચિલ્ડ્રન હોમના બાળકોનો સમાવેશ કરાયો છે, આ બાળકો કાર્યક્રમમાં સિંગિંગ, ડાન્સ, ગરબા સહિતના નયનરમ્ય અને મનોરંજક પરફોર્મન્સ આપશે. તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ ટ્રોફી આપી પ્રોત્સાહિત કરાશે. આ કાર્યક્રમના અંતે તમામ બાળકો અને વડીલોને ભોજન કરાવશે જેમાં ડ્રાયફ્રુટ હલવો, સેન્ડવીચ ઢોકળા, છોલે-પૂરી અને પુલાવ સહિતની વાનગીઓ સાથેનું પાકકું ભોજન કરાવાશે. કાર્યક્રમનો ઉદેશ માત્ર આ બાળકો તથા વડીલોને પણ "થર્ટી ફર્સ્ટ"ની ઉજવણીનો આનંદ અપાવી તેમના ચહેરાં પર સ્મિત રેલાવવા ઉપરાંત શહેરના યુવાનોને "થર્ટી ફર્સ્ટ"ની સાચી ઉજવણીનો મહીમા સમજાવવાનો છે, આ કાર્યક્રમ માત્ર સેવાના ભાવથી આયોજિત કરાયો હોઈ તેમાં દાન આપી આ સદકાર્યમાં સહભાગી બનવા શહેરના દાતાઓને હાકલ કરવામાં આવે છે. કાર્યક્રમને આપેલી દાનની રકમ દાતાઓ માટે આવકવેરાની કલમ ૮૦જી હેઠળ કરમુક્ત છે તેની નોંધ લેવા દાતાઓને સંસ્થા ધ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. જોધાભાઈ મોહનભાઈ ભરવાડ, ઉ.વ. ૬૬
- સ્વ. રેવાબેન વેલાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. સુશીલાબેન સુખદેવભાઈ પાટીલ, ઉ.વ. ૭૫
- સ્વ. શાંતાબેન ડાહ્યાભાઈ બારોટ, ઉ.વ. ૬૫